# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-10-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. એકતાનગર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને એક થઈને રાષ્ટ્રના વિકાસ માટે પોતાને સમર્પિત કરવા અપીલ કરી
3. લોખંડી પુરુષ સરદાર પટેલની 150-મી જન્મજયંતી નિમિત્તે રાજ્યભરમાં એકતા દોડ યોજાઈ.
4. જુનાગઢમાં આ વખતે ગિરનારની લીલી પરિક્રમા સ્થગિત
5. ભરૂચ અને સુરત સહિત અનેક વિસ્તારમાં આગામી ત્રણ દિવસ ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# REV PM GUJARATT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને એક થઈને રાષ્ટ્રના વિકાસ માટે પોતાને સમર્પિત કરવા અપીલ કરી છે. શ્રી મોદીએ કહ્યું, તેનાથી વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થશે. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150-મી જન્મજયંતી નિમિત્તે આજે નર્મદાના એકતાનગર ખાતે યોજાયેલા રાષ્ટ્રીય એકતા દિવસ સમારોહનાં વિશાળ જનસભાને સંબોધતાં શ્રી મોદીએ કહ્યું, વર્ષ 2014થી સરકારે નક્સલવાદ અને માઓવાદી આતંકવાદ પર એક નિર્ણાયક પ્રહાર કર્યો છે.

**(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) – NAXAL**

પ્રધાનમંત્રીએ કરોડો લોકો દ્વારા લેવાયેલી એકતાની શપથમાં દેશવ્યાપી ભાગીદારી અંગે કહ્યું, તેનાથી રાષ્ટ્રીય એકતાને મજબૂત કરવાના સામૂહિક સંકલ્પની પુષ્ટી થઈ છે. દેશની આઝાદી બાદ સરદાર પટેલે 550થી વધુ રજવાડાઓને એક કરીને “એક ભારત – શ્રેષ્ઠ ભારત”ના દ્રષ્ટિકોણને સાકાર કરીને અશક્ય કામ કરી બતાવ્યું હતું.

**(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) – MAHAPARV**

પ્રધાનમંત્રીએ દેશની ભાષાકીય વિવિધતાની પ્રશંસા કરી અને તેને ભારતની સૌથી મોટી શક્તિ ગણાવી. ભાષાઓને એકતાનું પ્રતીક ગણાવતા શ્રી મોદીએ તમામ ભારતીય ભાષાઓના પ્રચાર અને સંરક્ષણ માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

પ્રધાનમંત્રીએ પ્રત્યેક નાગરિકને એકતાને રાષ્ટ્રીય શક્તિનો મંત્ર બનાવવા અને સરદાર પટેલના દ્રષ્ટિકોણને યાદ કરવા તથા એક સશક્ત, વિકસિત અને અખંડ ભારત માટે સાથે મળીને કામ કરવા આગ્રહ કર્યો.

પ્રધાનમંત્રીએ સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી દિવસનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે શ્રી મોદીએ લોકોને એકતા દિવસની શપથ પણ લેવડાવી.

**(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) – OATH**

પ્રધાનમંત્રીએ ભવ્ય એકતા દિવસ પરેડનું પણ નિરીક્ષણ કર્યું. જેમાં સરહદ સુરક્ષા દળ – BSF, કેન્દ્રીય અનામત પોલીસ દળ – CRPF અને વિવિધ રાજ્ય પોલીસ દળોની ટુકડીએ "અનેકતામાં એક"ની વિષયવસ્તુને દર્શાવતી 10 જીવંત ઝાંખીઓ પ્રસ્તુત કરવામાં આવી. આ ઉપરાંત ભારતીય વાયુસેનાની પ્રતિષ્ઠિત સૂર્યકિરણ ટીમે ભવ્ય એર શો દ્વારા આકાશમાં ત્રિરંગાના શૌર્ય અને સાહસનું પ્રદર્શન કર્યું.

-------------

# RUN FOR UNITY

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150-મી જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે રાજ્યભરમાં આજે એકતા દોડ યોજાઇ. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા યોજાયેલી સરદાર એટ 150 એકતા દોડનું પ્રસ્થાન કરાવ્યું. નાયબ

મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરમાં સ્વર્ણિમ્ પાર્કથી મહાત્મા મંદિર અને ટાઉનહૉલ સુધી યોજાયેલી એકતા દોડનો પ્રારંભ કરાવ્યો હતો.

જામનગરમાં યોજાયેલી એકતા દોડમાં રાજ્યકક્ષાનાં મંત્રી રિવાબા જાડેજા, અન્ય ધારાસભ્યો સહિતના મહાનુભાવો જોડાયા હતા.

સુરેન્દ્રનગરમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાષ્ટ્રીય ભાવના અને એકતાના સંદેશને મજબૂત કરવાના ઉદ્દેશ સાથે એકતા દોડ યોજાઇ.

ભાવનગરમાં રૂપાણી સર્કલથી ઘોઘા સર્કલ સુધી યોજાયેલી એકતા દોડમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા, કૃષિમંત્રી જીતુ વાઘાણી સહિતના મહાનુભાવ જોડાયા.

છોટાઉદેપુરમાં એકતા દોડ બાદ લોકોએ દેશની એકતા, અખંડિતતા અને સુરક્ષા જાળવી રાખવા શપથ લીધા.

ખેડાના નડિયાદમાં યોજાયેલી એકતા દોડમાં એકતા, અખંડિતતા અને દેશપ્રેમનો સંદેશ અપાયો.

બોટાદમાં એકતા દોડ દ્વારા સરદાર પટેલના એકતાના સંદેશને લોકો સુધી પહોંચાડવામાં આવ્યો.

વાવ-થરાદ જિલ્લાના થરાદ ખાતે રાજ્યમંત્રી સ્વરૂપજી ઠાકોરની અધ્યક્ષતામાં એકતા દોડ યોજાઈ.

બનાસકાંઠાના પાલનપુરમાં રાજ્યમંત્રી પ્રવિણ માળીની અધ્યક્ષતામાં એકતા દોડ યોજાઈ.

સુરતમાં યોજાયેલી એકતા દોડમાં મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારી અને પોલીસ અધિકારીઓ સહિતના મહાનુભાવ જોડાયા. દરમિયાન પોલીસ કમિશનરે સૌને સ્વચ્છતા જાળવવા અપીલ કરી.

પાટણમાં લોકોએ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ આપી.

મહેસાણામાં સાંસદ હરિ પટેલ, ધારાસભ્ય મુકેશ પટેલ સહિતના મોટી સંખ્યામાં લોકોએ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ આપી.

ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરકારી બોય્ઝ હાઇસ્કુલ વેરાવળથી ટાવર ચોક સુધી એકતા દોડ યોજાઈ. તેમાં જોડાયેલા ધારાસભ્ય ભગવાન બારડે યુવાનોને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવા અપીલ કરી.

રાજકોટમાં શ્રમ મંત્રી કુંવરજી બાવળીયા તથા અન્ય મહાનુભાવોએ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ આપી એકતા દોડને પ્રસ્થાન કરાવ્યું.

અમરેલીમાં સરદાર સર્કલથી ‘એકતા દોડને સંસદીય બાબતોના રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ પ્રસ્થાન કરાવ્યું હતું.

સાબરકાંઠાના હિંમતનગર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખે હિમ્મત હાઇ સ્કૂલથી એકતા દોડને પ્રસ્થાન કરાવ્યું. આકોદરામાં પણ યોજાયેલી એકતા દોડમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયા.

નાની દમણ બસ મથકમાં દમણ પોલીસ વિભાગ દ્વારા ભવ્ય પરેડ અને શપથ સમારોહ યોજાયો. દાદરા નગર હવેલી અને દમણ દીવના ડીઆઈજી સંતોષ કુમાર મીણાએ પરેડને સલામી આપી અને દોડને લીલી ઝંડી આપી.

મોરબીમાં પોલીસ પરેડ મેદાનથી સરદાર પટેલની પ્રતિમા નવા બસ સ્ટેન્ડ સુધી યોજાયેલી એકતા દોડને મહાનુભાવોએ પ્રસ્થાન કરાવ્યું તેમજ સૌએ એકતા શપથ લઇ સરદાર પટેલને શ્રદ્ધાંજલિ આપી.

પંચમહાલના ગોધરા શહેરમાં યોજાયેલી એકતા દોડમાં નાગરિકો, અધિકારીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# MANOJ KUMAR DAS -MUKHY SACHIV

રાજ્યના નવા મુખ્યસચિવ તરીકે મનોજ કુમાર દાસે આજે પદભાર સંભાળ્યો છે. વર્તમાન મુખ્યસચિવ પંકજ જોષી આજે વયનિવૃત થતાં વર્ષ 1990ની બેચના IAS અધિકારી મનોજ કુમાર દાસને આ નવી જવાબદારી સોંપાઇ છે. કાર્યભાર સંભાળ્યા બાદ શ્રી દાસે કહ્યું તેઓ વહીવટી પ્રક્રિયા સરળ બને તે માટે પ્રયાસ કરશે.

-------------

# GIRNAR PARIKRAMA CANCEL

જુનાગઢમાં યોજાનારી આ વર્ષની લીલી પરિક્રમા સ્થગિત કરવામાં આવી છે. કમોસમી વરસાદના કારણે પરિક્રમાના માર્ગમાં કાદવ-કીચડ થતાં યાત્રિકોની સલામતીને ધ્યાને લઈ ગિરનારની પરિક્રમા નહીં યોજાય. સાધુ સંતો, સંસ્થાઓ અને અધિકારીઓએ પરિક્રમા માર્ગનું સર્વગ્રાહી નિરીક્ષણ કર્યા બાદ જિલ્લા વહીવટી તંત્રએ માત્ર સાધુ-સંતોની પ્રતિકાત્મક પરિક્રમા યોજવાનો નિર્ણય કર્યો હોવાનું જિલ્લા કલેક્ટર અનિલ રણાવસિયાએ જણાવ્યું.

**(બાઈટઃ અનિલ રણાવસિયા, કલેક્ટર, જુનાગઢ)**

-------------

# WEATHER FORECAST

અરબી સમુદ્રમાં દબાણના કારણે હવામાન ખાતાએ આગામી દિવસોમાં રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. ભરૂચ અને સુરત સહિત રાજ્યના અનેક વિસ્તારમાં આગામી ત્રણ દિવસ ભારે વરસાદ અને વાવાઝોડાની ચેતવણી અપાઈ છે. આ સાથે જ માછીમારોને આગામી ત્રણ દિવસ દરિયો ન ખેડવા અને સતર્ક રહેવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું..

**(બાઈટઃ પ્રદીપ શર્મા, વૈજ્ઞાનિક, હવામાન ખાતા અમદાવાદ)**

-------------

# TEKA BHAVE KHARIDI

રાજ્ય સરકાર ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવાની નવી તારીખ જાહેર કરશે. ગુજરાત રાજ્ય સહકારી માર્કેટિંગ મહામંડળ લિમિટેડ - ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ આજે પત્રકારોને આ અંગે વધુ માહિતી આપી.

**(બાઈટઃ દિલીપ સંઘાણી, અધ્યક્ષ, ગુજકોમાસોલ)**

-------------

# BHAVNAGAR -PARSOTTAM SOLANKI

ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદની સ્થિતિને અનુલક્ષીને મત્સ્યોદ્યોગ રાજ્ય મંત્રી  પરષોત્તમ સોલંકીએ કોળીયાક ગામે ખેડૂતો સાથે બેઠક યોજી નુકસાની અંગે માહિતી મેળવી. આ પ્રસંગે તેમણે કહ્યું કે, આ પરિસ્થિતિમાં ખેડૂતોને શક્ય એટલી તમામ મદદ કરવા મુખ્યમંત્રી  ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરી છે.

-------------

# VERAVAL RAJKOT TRAIN

વેરાવળ-રાજકોટ પેસેન્જર ટ્રેનમાં મુસાફરોની સુવિધા માટે 11 વધારાના સામાન્ય ડબ્બા લગાવાશે. પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગરમાંથી પસાર થતી આ ટ્રેનમાં તાત્કાલિક રૂપે આ ડબ્બા લગાવવાનો નિર્ણય કરાયો છે. તે મુજબ, રાજકોટ વેરાવળ પેસેન્જર ટ્રેનમાં આજથી 31 ડિસેમ્બર સુધી અને વેરાવળ- રાજકોટ પેસેન્જર ટ્રેનમાં આવતીકાલથી પહેલી જાન્યુઆરી 2026 સુધી 11 વધારાના સામાન્ય દ્વિતીય વર્ગના ડબ્બા લગાવાશે તેમ ભાવનગર મંડળના મંડળ રેલવે પ્રબંધક દિનેશ વર્માએ જણાવ્યું.

-------------

# BHAVNAGAR ACCIDENT

ભાવનગરમાં બસ અને બાઈક વચ્ચેના અકસ્માતમાં બે યુવાનના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, ઉમરાળા ખાતે ઉમરાળા—ધોળા જવાના માર્ગ પર મોડી રાત્રે બસ અને બાઈક વચ્ચે અકસ્માત થતાં બાઈક પર જતા બે યુવકના ઘટનાસ્થળે મોત નીપજ્યા હતા. મૃતક યુવકો ગઢડાના સભાડિયા ગામના હોવાનું જણાયું છે. આ ઘટના અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

-------------